દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક-૧૦૨૦૨૧ -૧૦૮૫૦-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૬ /૦૧/૨૦૨૪

**વંચાણે લીધા :**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮-૦૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૧-૧૭૭૨૮૧-ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૪-૦૮-૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૨-૧૭૭૨૮૧(પા.ફા.-૦૨) – ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮-૦૧-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૨-૧૭૭૨૮૧(પા.ફા.-૦૨)-ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯-૦૩-૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: અજાક-૧૦૨૦૨૧-૧૦૮૫૦-ગ

(૫) નિયામકશ્રી(અ.જા.ક.) કચેરીનો તા. ૨૪/૦૫/૨૦૨૩ નો પત્ર ક્રમાંક : અજાક/છ-૨/૨૦૨૩/૨૫૬

**આમુખ :**

આમુખ ક્રમાંક (૧) થી (૪) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવથી દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના અંગેનો ઠરાવ કરવામાં આવેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના નિયામકશ્રી(અ.જા.ક.) કચેરીના તા.૨૪/૦૫/૨૦૨૩ના પત્રથી આ સમિતિની પુન:રચના કરવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રીમતી ભાનુબેન બાબરીયા<br>માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૦૨ | શ્રી ભીખુસિંહજી પરમાર<br>માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સહ અધ્યક્ષશ્રી |
| ૦૩ | શ્રી પરસોત્તમભાઈ પરમાર (ધારાસભ્યશ્રી) | સભ્યશ્રી |
| ૦૪ | ડૉ. રાઘવજી માધડ | સભ્યશ્રી |
| ૦૫ | પ્રો. દીપકભાઈ ચાવડા | સભ્યશ્રી |
| ૦૬ | શ્રી વશરામભાઈ રણછોડભાઈ સોલંકી | સભ્યશ્રી |
| ૦૭ | અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| ૦૮ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય સચિવશ્રી |

— ૫।૮૮ —

આ યોજનાની જોગવાઈ મુજબ, આ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદ્દત ૦૩(ત્રણ) વર્ષની રહેશે. જ્યારે એવોર્ડ અંગેની અન્ય શરતો/નિયમો અગાઉના ઠરાવો મુજબ યથાવત રહેશે.

સદર બાબતે સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મંજૂરી મળેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- સમિતિના સંબંધિત સભ્યશ્રીઓ (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪